# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

બોલ્યું કરે ફોક, ચીના અદના રહેતા નથી!
ફૂલી, ફુલાણા છે બહુ કદમાં રહેતા નથી!
અનહદની એષણા એને વિસ્તારવાદની -
છે ગુમાન તાકાતનું, હદમાં રહેતા નથી..

## હાઈકુ

બોલ્યા જ નહીં!
કહ્યું, છે કૈંક ગોળ -
'મગ'નું નામ..
(સીમા બાબત અસ્પષ્ટ)

આ મહેમાનો -
લ્યો! તાણ્યા ડેરા તંબૂ!
કરો સ્વાગત્!!
(માથે પડેલા મે'માન)

## ચિંતન

**આત્મ બુદ્ધિ સુખાયૈવ ગુરૂ બુદ્ધિ વિષતઃ । પર બુદ્ધિ વિનાશાય સ્ત્રી બુદ્ધિઃ પ્રલયાવહ ॥**

પ્રાચીન ગ્રંથ-સુભાષિત રત્ન ભાંડાગારમાં બીજા અધ્યાયનો (૯૩) આ શ્લોક 'સામાન્ય નીતિ' વિભાગમાંથી લેવામાં આવ્યો છે.

માણસ જો પોતાની બુદ્ધિથી વિચારપૂર્વક જે નિર્ણય કરે તે-બુદ્ધિ સુખ આપનારી છે.

પરંતુ ગુરૂજન-વડીલોની બુદ્ધિથી જે સલાહ-સૂચના મળે તે પ્રમાણે આચરણ કરનારી બુદ્ધિ વિશેષ સુખ આપનારી છે, પારકાની બુદ્ધિ વિનાશકારી છે અર્થાત બીજાની જ સલાહથી ચાલનાર વ્યક્તિનો વિનાશ થાય છે.

..અને સ્ત્રીની બુદ્ધિથી ચાલનાર વ્યક્તિના ઘર-સંસાર-વ્યવહારમાં-મહાભારત-રામાયણ જેવા ઉત્પાત થાય છે સ્ત્રીની બુદ્ધિ પ્રલયકારી છે.

માણસે કોઇની સલાહ પ્રમાણે નહીં પણ સ્વતંત્ર બુદ્ધિની નિર્ણય લેવો જોઇએ સાંભળવું-સૂચન બધાના લેવાં પણ યોગ્ય. અયોગ્યનો નિર્ણય પૂર્વાપર પરિણામનો વિચાર કરીને લેવો જોઇએ. ગુરૂજન વડીલની બુદ્ધિમાં અનુભવનો અર્ક હોય છે જ્યારે સ્ત્રીની બુદ્ધિમાં અનુભવનો અર્ક હોય છે જ્યારે સ્ત્રીની બુદ્ધિમાં સ્વાર્થ અને ટૂંકા વિચારની છાયા હોય છે.

## સુવિચાર

- દૂધને બગડતા સમય લાગશે, જર્જરિત મકાનને સમારકામ કરતા સમય લાગશે પણ 'મન' એક જ એવું છે, જે પળવારમાં બગડી પણ શકે છે અને સુધરી પણ શકે છે **- અખંડ આનંદ**
- દરેક ઘરમાં પિતા 'મસ્તક'ના સ્થાને છે જે ઘર ચલાવે છે.. જ્યારે માતા 'હૃદય'ના સ્થાને છે જે ઘર બચાવે છે **- પૂજ્ય મોટા**
- જિંદગીને જાણે - પામો ને માણો.. નહીં તો બની રહેશો પાણો.. **- ધર્મલોક**
- ચેતન જડને ઓળખે છે પણ જડ ચેતનને ઓળખતું નથી **- અમૃતબિંદુ**
- મૃત્યુ રૂદન કરાવે એવું હોવું જોઇએ.. હાશકારો થાય એવું નહીં **- શાહબુદ્દીન રાઠોડ**
- યૌવન એ ડહાપણ પ્રાપ્ત કરવાનો સમય છે, જ્યારે ઘડપણએ ડહાપણને અમલમાં મૂકવાનો સમય છે **- મોરારિ બાપુ**
- વિજય મેળવવાની ધૂનમાં શેતાન ન બની જવાય તેનો ખ્યાલ રાખવો, નહિતર સ્પર્ધા કે યુદ્ધ જીતી જવાય પણ માણસાઇ હારી જવાય **- જ્ઞાનસૂત્ર**

(સંકલન : દીપક વી. આસરા)

## બોધ કથા

રાશિચક્ર ફરે છે ત્યારે કર્માનુસાર ગ્રહોની અસર થાય છે રાજા રામને પણ માઠી ગ્રહદશામાં સ્ત્રી વિયોગ અને વનવાસ ભોગવ્યાં હતા. રાજા યુધિષ્ઠિર તો ધર્મરાજ હતા એમણે પણ માઠી દશાના પરિણામ ભોગવ્યા. પુણ્ય શ્લોક રાજા નળ - દમયંતિ, રાજા હરિશ્ચંદ્ર આવાં તો ઘણાં પાત્રો છે. જે વિધિ-વિધાતા-કર્મ અને ગ્રહોની ઝપટમાં આવી જાય છે.

દેવાધિદેવ મહાદેવ, શ્રાવણ માસ પૂર્ણ થતાં હાશકારો લઇ પાછા 'હિમાલય'માં આવી નિરાંતે બેઠા હતા અને પૃથ્વીલોકમાં હજુ પોતાનું માહાત્મ્ય આવા જુગમાં પણ કેવું સચવાયું છે એની વાત પાર્વતીજીને કરતા હતા.

...ત્યાં શનિદેવની પધરામણી થઇ. મહાદેવને કહ્યું, આપે હમણાં જ શ્રાવણમાં માન-સન્માન પ્રાપ્ત કર્યું પણ હવે આપને મારી સાડા સાત વર્ષની પનોતી બેસવાની છે માટે ચેતવણી આપવા આવ્યો છું.

આ વાત સાંભળી 'હિમાલય'માં પણ મહાદેવજી રેબઝેબ થઇ ગ્યા. પાર્વતીજીએ કહ્યું, આમ પણ તમે વર્ષો સુધી સમાધિમાં બેસી શકો છો. કોઇ ગુફામાં ચાલ્યા જાવને 'શનિ' તમારું શું બગાડી લેશે?

મહાદેવજી આઠ વર્ષે પાછા આવ્યા. શનિ હાજર થયો. મહાદેવજીએ ખોંખારો ખાધો. શનિજીએ હસીને કહ્યું, હે મહાદેવ, પનોતીમાં માણસ એકલો પડી જાય, ભૂખ્યો-તરસ્યો રહે-પત્નીનો વિયોગ થાય. તમને આ બધું જ ભોગવવું પડ્યું..

વિધિ-વિધાતા અને આપને મારા વંદન છે.

મહાદેવજી ત્રણે આંખે શનિને જોતા જ રહ્યા.

Email - sureshchandrabhatt18@gmail.com

# બાળ વાચકોને જકડી રાખે તેવી ત્રણ બહેનપણીઓની સળંગ સાહસકથા

## શબ્દ સમીપે

- નટવર હેડાઉ

સાહિત્ય જગતમાં સર્જકની સજ્જતા, પ્રેરણા અને નિષ્ઠા જેટલું જ પ્રોત્સાહન અને સર્જન માટે જરૂરી માનસિક દબાણ પણ આવશ્યક છે.

ઘણી વખત એવું બને છે કે લેખકના મનમાં કોઇ કાવ્ય કે વાર્તાનું બીજ પડ્યું હોય પણ તે યોગ્ય વાતાવરણ ન મળે એ ન અંકુરે એવું બને છે. ત્યારે અખબારી લેખન અને વાતાવરણ પુરૂં પાડે છે. અખબારી લેખનને કારણે થતાં સાહિત્ય સર્જનને કેટલાંક વિદ્વાનો લોકપ્રિય સાહિત્ય તરીકે મૂલવીને તેનું અવમૂલ્યન કરી નાંખવાનો પ્રયાસ કરતા હોય છે પણ હંમેશાં એવું હોતું નથી. સર્જકમાં પડેલું વિત્ત તો તેમાં પણ ઝળહળી ઉઠતું હોય છે જ અને સાહિત્ય લોકપ્રિય કે લોકભોગ્ય બનતું હોય તો તેમાં ખોટું પણ શું છે?

આજે માટે તમને એક એવા પુસ્તકની જ વાત કરવી છે જે સહન રીતે હસાવાર લખતાં લખતા સુંદર પરિણામલક્ષી બન્યું છે. લેખક ખુદ કહે છે કે 'વાર્તાનો કોઇ પ્લોટ પહેલેથી નક્કી ન હતો. હસો લખાય અને છપાવા જાય એટલે તે પછીનો હસો લખી નાંખતો તેમાં ન ધાર્યું હોય એવું તાત્કાલિક સ્ફૂરે.... લખાણમાં ઉતરે... ને વાત આગળ ચાલે. એમ કરતાં આખી વાર્તામાં એક નવી જ દુનિયા ઉઘડી છે.'

આ આખી વાર્તાનાં મૂળમાં લેખકની એક બાળવાર્તા પતંગિયા પરી - હયાની દોસ્ત! એમાં હયા નામની બાળકી એક પતંગિયાને બચાવે છે તેથી પતંગિયા પરીએ તેને કહ્યું હોય છે કે તે હયાને અને તેની બહેનપણીને કોઇ અવનવા પ્રદેશમાં ફરવા લઇ જશે. આ વાત હયાને દાદાજીને કરેલીને દાદાજીએ સમજાવી કે જીવનમાં ભલાં કામો કરવાથી આનંદ સાથે નવું નવું જાણવાનું મળે છે. બસ એજ વિચાર માત્રથી વાર્તાનો તંતુ લખાય છે. લેખક એક લબ્ધ પ્રતિષ્ઠિત કવિ હોવા છતાં જ્યારે બાળકો માટે સર્જન કરવા બેસે છે ત્યારે એમાં ક્યાંય કવિતાના અઘરા શબ્દો પ્રયોજતા નથી કે ઉપદેશાત્મકતા ડોકીયાં કરતી નથી એ વાતને કુમારપાળ દેસાઇએ તેમના 'પ્રતિભાનો આલ્હાદક ઉન્મેષ' નામે લખેલ શુભેચ્છા સંદેશમાં ખાસ ઉલ્લેખ કર્યો છે. તેમ છતાં વિષયનું ઉલ્લાસભર્યું નાવીન્ય, કવિની રમતિયાળ કલ્પના, આસપાસના પરિવેશનો વાસ્તવિક સંદર્ભ અને ઝરણાંની માફક સહજ રીતે વહેતું પ્રવાહી ગદ્ય. એ બાળ સાહિત્ય સર્જક યોસેફ મેકવાનની આગવી ઓળખ છે. એ બાબતની પણ ખાસ નોંધ લે છે.




'હયા, સુમેધા, કશ્વી' શિર્ષકવાળી આ સળંગ બાળકથામાંથી પસાર થતાં કુલ - ૧૦ હસામાં વાર્તા આગળ વધે છે. જેમાં હયા અને તેની બહેનપણીઓ, હરખ ઘેલી સુમેધા વાંસલિયા ગામમાં ટગુમગુ આન્ટીના ફાર્મ હાઉસમાં વેલી વેલીનું ગાન અને શક્કરખોરનો તાલ સાથે ખડખડિયા જંગલમાં સસલાં સાથે કે હોલુલુલુ તળાવ કાંઠે પ્રાણીઓની સંગીત સભાને ટર્ટલની ટેકરીઓમાં ફરીને પાછા ઘર તરફ ફરે છે ત્યાં સુધીની વાત આવે છે. જેમાં લેખકે આલેખેલો અનુભવ એ બાળક રમતાં રમતાં પામે છે અને એના ચિત્તમાં આનંદ છવાઇ જાય છે. હયા, સુમેધા અને કશ્વી એમ ત્રણ બહેનપણીઓની સાહસકથા પતંગિયા પરીની સાથે જે સાહસયાત્રા કરે છે એ યાત્રામાં બાળક પણ પોતીકા ઉત્સાહ અને આનંદ સાથે સામેળ થાય છે અને એ જ હકીકત હયા, સુમેધા અને કશ્વીની પ્રવાસ કથાની સાનંદ સંતપર્કતાનું કારણ બને છે. કારણ કે વાર્તામાં ત્રણે બહેનપણીઓ જે અવનવા પ્રદેશમાં જાય છે. ત્યાંના તેમના અનુભવો ખુબ આકર્ષક રીતે નિરૂપાયા છે. વિસ્મય અને કુતૂહલ આ વાર્તાનો પ્રાણ છે. ટગુમટુ આન્ટી, ભોદુ કાકા, લીલા આન્ટી, પરભુદા, ફુરફુરિયું સિસિમાનું, ખિસકોલી બેલી વેલી વગેરે પાત્રોથી વાર્તારસ જામે છે અને બાળ વાચકને મજા પડે છે. તેવી ઘટનાઓ બને છે. ટોકોટૂકોન જેવું લાંબુ ચાંચવાળું પંખી અને સન્ન્ન્ન્ માછલીની મદદ કેવી રીતે મળતી રહે છે તે પણ સરસ છે. આ બધામાં કશ્વીનું પાત્ર રમૂજી અને ટીખળીખોર હોવાથી વાર્તારસને પૂરક બને છે. તેમાં વળી ટી.વી.ના માધ્યમથી પતંગિયા પરી એમને જે સહેલ કરાવે છે તે અદ્‌ભૂત છે. વળી તેમાં આવતાં દુષ્ટ પાત્રોને તેમની દુષ્ટતાનો બદલો પણ સારી રીતે મળે છે. અંતે વેકેશનમાં ઓરડામાં બેસી ટી.વી. જોતી આ ત્રણે બાલિકાઓ કેવી રીતે ગાયબ થઇ તેની તેના માતાપિતાને પણ ખબર પડી નહોતી. પણ તેઓ ટીવી દ્વારા જ પોતાના કુટુંબીજનો વચ્ચે કેવી રીતે પહોંચી જાય છે તે જાળવા માટે આ રસપ્રદ કથા વાંચવા જેવી છે.

આ સળંગ બાળવાર્તામાં જે નાવિન્ય, મૌલિકતા અને રજૂઆત છે તે સાંપ્રત સમયમાં લખાતી બાળ વાર્તાઓ કરતાં કંઇક અલગ અને નવીન છે.

આ સળંગ બાળ વાર્તાના સર્જક યોસેપ ફિલિપભાઇ મેકવાનનો જન્મ તા. ૨૦-૧૨-૧૯૪૦ અમદાવાદ ખાતે થયો હતો. એમ.એ. બી.એડ્ સુધીનો અભ્યાસ ધરાવતા લેખક વ્યવસાયે નિવૃત્ત શિક્ષક છે. જે શેઠ. સી.એન. વિદ્યાલય અમદાવાદ ખાતે સેવારત હતા. તેમના કાવ્યસંગ્રહ 'સૂરજનો હાથ' ને જયંત પાઠક એવોર્ડ મળેલ છે. તે ઉપરાંત ગુજરાતી સાહિત્ય અકાદમી અને ગુજરાતી સાહિત્ય પરિષદનાં અનેક પારિતોષિકો તેમને મળેલાં છે. તેમણે અનુવાદ, વિવેચક અને બાળ સાહિત્યમાં પણ બહોળું સર્જન કર્યું છે. પરંતુ રાષ્ટ્રીય સાહિત્ય અકાદમી દ્વારા ઉત્તમ બાળ સાહિત્યકાર તરીકેની ખૂબ મોટો પુરસ્કાર તેમને મળ્યો છે. તેમના બાળ સાહિત્ય સર્જકની વાત કરીએ તો તોફાન, ડિંગડોંગ ડિંગડોંગ, પ્રાણીબાગની સેર, પમરાટ, કલરવ જેવા બાળ અને શિશુ કાવ્યોના સંગ્રહો ઉપરાંત વાહ રે ભાઇ વાહ, ઢીંચકુ, જાદુઇ પીછું, રૂમઝૂમ પતંગિયુ, આવ હયા, વારતા કહું, 'યોસેફ મેકવાનની મનપસંદ વાર્તાઓ,' નવતર બાળ વાર્તાઓ, ત્રણ બહેનપણીઓની સાહસ કથા જેવા' બાળવાર્તાના પુસ્તકો પ્રગટ થયાં છે.

'હયા સુમેધા, કશ્વી' જેવી બાળકોને વાંચવી ગમે તેવી સરસ લાંબી વાર્તા આપવા બજલ લેખકને ધન્યવાદ પાઠવું છું. તેમજ સ્વચ્છ સુંદર રંગીન મુખપૃષ્ઠ અને અનુરૂપ ચિત્રોથી સજાવી વાંચના ભોગ્ય સાહિત્ય બને તેવું સુંદર પ્રકાશન કરવા બદલ ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલયને અભિનંદન આપું છું.

**હયા, સુમેધા, કશ્વી (ત્રણ બહેનપણીઓની સાહસકથા)**
**લેખક - યોસેફ મેકવાન**
**પ્રકાશક - ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ**
**પ્રથમ, આવૃત્તિ, કિંમત - રૂા. ૬૦/-**

# યુવાવસ્થામાં જો એક વાર વિધાયક, બાજુ જોવાની ટેવ પડી જાય તો પછી કોઇનાય પ્રત્યે ફરિયાદ કરવાનું મન ન થાય, બાકી જો દોષદેખો સ્વભાવ થઇ જાય તો દુનિયાભરમાં જ્યાં ને ત્યાં દુર્ગુણો કાળી બાજુઓ તો હોવાની જ, એ જ જોવાની ટેવ પડી જાય

## હું રસ્તે રઝળતી વારતા

- અયના પટેલ

(ગતાંકથી આગળ...)

**● યુવામનની જિજ્ઞાસાવૃત્તિના સામસામેનાં છેડાઓ**

યુવામનની એક બીજી લાક્ષણિકતા હોય છે/હોવી જોઇએ - સતત જાગૃત રહેતી જિજ્ઞાસા. આ જિજ્ઞાસાનું સ્વરૂપ પણ બદલાતું રહે છે. સાવ બાલ્યાવસ્થામાં એ જિજ્ઞાસા કેવી હોય છે? રવીન્દ્રનાથ ટાગોરની 'કાબુલીવાલા' વાર્તામાં એનું બાળપાત્ર - મીની એના પિતાને સવાલ કરે છે, 'પપ્પા, તમારો અને મારી મમ્મીનો સંબંધ ક્યો?' ઘરમાં નવજાત શિશુ આવે એટલે આસપાસના બાળમાનસમાં 'આ ભાઇ ક્યાંથી લાવ્યા?' અથવા 'આ બહેન ક્યાંથી લાવ્યા?' જેવા પ્રશ્નો પૂછવાની જિજ્ઞાસા પણ જાગૃત થતી રહેતી છે. યુવકને મૂછ ફૂટવાની શરૂઆત થાય ત્યારે તેને પોતાનેય શારીરિક રીતે આવતું પરિવર્તન સાવ સહેલાઇથી સમજાતું નથી!

કિશોરાવસ્થામાં, યુવાવસ્થામાં પ્રવેશવાના મધ્યભાગમાં યુવાનને જાગતી જાતીય જીવનની જિજ્ઞાસા પણ અદમ્ય હોય છે. આ જિજ્ઞાસા યુવાવસ્થામાં મિત્રો પરસ્પર વાતચીત કરી સંતોષી લે છે અથવા તો બજારમાં મળતાં સાવ હલકી કોટિનાં અડફેટે ચઢતાં ચોપાનિયાં વાંચી અડધું - પડધું જાણી લે છે. આ ઉપરાંત પુખ્યવયનાં યુવાન કે યુવતીને પણ અભ્યાસનાં વર્ષોમાં જાતીય જીવન અને પ્રજોત્પત્તિનો શાસ્ત્રીય અભ્યાસ કરવાનો આવે ત્યારે એ વિષયની જિજ્ઞાસા સ્વસ્થ સ્વરૂપની બની રહે છે. જાતીય જીવનની જિજ્ઞાસા બે છેડે વિકૃતિનું રૂપ ધારણ કરે છે. એક વૃત્તિમાં સ્વરૂપને સમજ્યા વિના એને ગંદી વસ્તુ માનવા મનાવવામાં આવે છે. આ એક છેડો છે, એનો બીજો છેડો એના વિશેની વિકૃત વાતો અશ્લીલતા તરફ ઘસડી જાય છે. અહીં આટલી જ મર્યાદપૂર્વકની વાત કરીએ (આગળ આપણે કામ, ક્રોધ, મોહ, લોભ, મદ અને મત્સરની વિચારણા કરીશું ત્યારે વધારે સ્પષ્ટ સ્વચ્છ શિષ્ટરૂપે એને ઓળખવાનો પ્રયત્ન કરીશું.

**● યુવાનનાં આભૂષણ - ગુણ, જિજ્ઞાસા અને ઉત્સાહ**

યુવામનનો એક બીજો ભાવ કેળવાય તે જરૂરી છે, એ ઉત્સાહ. ઉત્સાહ અને જિજ્ઞાસા એક સાથે પ્રવર્તે છે ત્યારે યુવામનની જ્ઞાનની ક્ષિતિજો ઠીક ઠીક વિસ્તરતી અનુભવાય છે. યુવામન ઉત્સારપૂર્વક જિજ્ઞાસા સેવે છે ત્યારે એ હરેક ક્ષણે નવું ને નવું શીખવાનો પ્રયત્ન કરતો થઇ જાય છે. અતિ ઉત્સાહમાં અતિ જિજ્ઞાસા સેવનારની ચિત્ત શક્તિ વિકેન્દ્રિત અને વેડફાઇ ન જાય એની પણ સાવધાની રાખવાની જરૂર હોય છે.

**● યુવામનની એક છેડે ચંચળતા, બીજા છેડે સૂનમૂન બની જતી અવસ્થા**

યુવામનની ચંચળતાને પણ સારો ઘાટ આપવાની જરૂર છે. ચંચળતા પોતે જીવંતતાનું પ્રતીક છે, પણ ચંચળતાનો અતિરેક યુવામનની શક્તિને વિખેરી નાંખે છે. ચંચળતાને જો મર્યાદાની રેખાઓમાં ઢાળવામાં આવે તો એ આવકાર્ય છે. ચંચળતાની સામેનાં છેડાનો દુર્ગુણ છે. ચૈતસિકજડતા અથવા તો બૌદ્ધિક મંદતા. કેટલાક યુવકોનું મન કોઇ કોઇ વાર ચોક્કસ કારણ વિના સૂનમૂન થઇ જાય છે! યુવાનનું મન સૂનમૂન થઇ જાય તેનું કારણ તેને લાગેલો કોઇ એક આઘાત, અભ્યાસમાં મળેલી ઘાતક નિષ્ફળતા હોઇ શકે. તથાકથિત પ્રેમમાં મળેલો દગો હોઇ શકે. યુવામાનસની કેળવણી કે માવજતમાં સૌતી કપરૂં કામ આ આઘાત અને વળ ખાઇ અંદર વળી ગયેલાં મનની વાટ કે જ્યોતને સંકોરવાનું કામ છે. સૂનમૂન થઇ બેઠેલો યુવક કે યુવતી કોઇ પણ વાતમાં જિજ્ઞાસા ન દાખવે, પોતાનાં રોજ-બ-રોજનાં જીવનની નિત્યક્રિયાઓ પ્રત્યે પણ બેદરકારી દાખવે, કપડાંની બાબતે પણ લઘરવઘર બની રહે, વાળ કે ચહેરાની કાળજી રાખવાનુંય એને ઝાઝું મહત્ત્વનું લાગતું નથી!

**● યુવામનની કેળવણી આડેનાં વિઘ્નો**

યુવામનની કેળવણી આડે આવતાં બીજા કેટલાક વિઘ્નો છે - ચીડિયો થતો સ્વભાવ, વારેવારે આવતો ક્રોધ, પોતે બોલે ને વારંવાર ફેરવી તોળે, દુનિયાભરની ઘટનાઓ વિશે જરીકે સભાનતા કે સજાગતા ન દાખવે ને પોતાનામાં જ રચ્યો પચ્યો રહે. પોતાના મોબાઇલમાં પોતાની જ છબીઓનો સંગ્રહ કર્યે જ જાય! આત્મરતિ પોતાની જાતને જ ચાહવાની લાગણીનો અતિરેક એને અહંવાદી બનાવી દે. આત્મરતિનો સામેનો છેડો છે આત્મભર્ત્સના - પોતે જ પોતાની જાતને તિરસ્કાર કરવો તે.

યુવામન શક્તિથી ભર્યું ભર્યું હોય છે. એની સાચી તાલીમ અંતિમોનો અતિરેક ટાળવા રહેવાની જ થઇ શકે. ચેતના સરિતાને સ્વચ્છ અને લક્ષ્ય તરફ વહેલી રાખવા માટે કેટલીક મર્યાદાની રેખાઓ પણ સ્પષ્ટપણે દોરવી જોઇશે. અંતિમોનો અનાદર, મધ્યમમાર્ગનો આદર અને શિષ્ય-અશિષ્ટની વિનય વિવેકપૂર્ણકની આંકેલી લક્ષ્મણ રેખાઓ જ એના મનને પ્રકાશ તથા માધુર્યથી ભરી દઇ શકે!

(સૌજન્ય : ગુજરાત ગાર્ડિયન)

# પ્રકૃતિમાં ભરોસો મૂકો પ્રકૃતિ તમારું પાલનપોષણ કરશે

## પ્રકૃતિની પાઠશાળા અક્ષયપાત્ર

- બકુલ દવે

**Nature never did betray the heart that loved her**
***- Wordworths***

**(જે પ્રકૃતિને ચાહે છે તેને માટે તે કદીયે બિનવફદારા બનતી નથી.)**

વર્ડ્ઝવર્થ પ્રકૃતિનો કવિ હતો. એણે તણખલાં, નદીઓ અને વૃક્ષોને પોતાની કવિતામાં સરસ રીતે વણી લીધા છે. પ્રકૃતિપ્રેમીનું હૃદય સંવેદનોથી ધબકતું છે - જીવંત હોય છે. પણ એવી વ્યક્તિઓની સંખ્યા ઓછી થતી જતી હોય એવું કેમ લાગ્યા કરે છે? એનો ઉત્તર એટલો જ કે આપણે ઝડપથી પ્રકૃતિનું સાંનિધ્ય ગુમાવતાં જઇએ છીએ. તૂટતાં ગામડાં, કપાતાં વૃક્ષો, મલ્ટિ સ્ટોરી બિલ્ડિંગ્સ વચ્ચે ટૂંકાતું જતું આકાશ, વિલુપ્ત થતાં પ્રાણીઓ અને પક્ષીઓ, સુકાતી નદીઓ વગેરે માટે આપણે પ્રકૃતિથી નાતો તૂટી રહ્યો છે, તે કારણભૂત છે.

પ્રકૃતિના સ્પર્શને અનુભવવો તે અંતઃકરણમાં ડોકિયું કરવા જેવું છે. જેને સહજ રીતે ધ્યાનસ્થ થવું શક્ય નથી તેવા સામાન્ય જણને પ્રકૃતિદર્શન તેમ કરવાની તક પૂરી પાડે છે. પીપળાનું વૃક્ષ જોતાં જ ગીતાનો પંદરમો અધ્યાય પુરૂષોત્તમયોગ સ્મરણમાં આવે છે - ઊર્ધ્વમૂલ અધઃશાખ... મોરારિબાપુએ એક વાર ગંગાના પ્રવાહની વાત કરતાં એમની કથામાં કહ્યુ હતું : "સતત વહેતી ગંગાના પ્રવાહને નિરંતર જોતાં એવું નથી લાગતું કે જાણે કોઇ પગ વગર ચાલી રહ્યું હોય! ટાગોરે પતંગિયાને ઊડતા ફૂલો કહ્યાં અને ફૂલોને સ્થિર પતંગિયા! આવું ક્યારે સૂઝે! વ્યક્તિ આત્મલીન બને ત્યારે. તેમ થવા માટે પ્રકૃતિનો સહવાસ જોઇએ."

આપણી વિડંબના એ છે કે કમ્પ્યુટર, ટેલિવિઝન અને ભણવાનાં પુસ્તકોમાંથી નજર ઉઠાવી આસપાસ જોવાનો સમય જ નથી. કદાચ એ આપણી મજબૂરી પણ હોઇ શકે, પણ ક્યારેક કમ્પ્યુટર પર કામ ચાલતું હોય ત્યારે આપણે નજીકનાં વૃક્ષ પર માળો બાંધતા પક્ષીને જોવા અથવા તો વરસતા વરસાદને જોવા થોડો સમય ન ફાળવી શકીએ?

ચિંતક અને શિક્ષણવદ રૂસોએ કહ્યું હતું, કે બાળકોને જંગલમાં લઇ જાઓ ને ત્યાં શિક્ષણ આપો. આ જરૂરી છે. પ્રકૃતિની નિકટ રહેવાથી પ્રત્યક્ષ થતું જ્ઞાન પુસ્તક દ્વારા, ચાર દિવાલો વચ્ચે વર્ગખંડમાં મેળવવું શક્ય નથી. બાળકને ચિત્રમાં કમલ બતાવીએ કે એનું મોડલ દેખાડીએ એમાં એને કમળની માહિતી મળશે. જ્ઞાન નહિ, ચિત્રના કમળ પરથી ઓસબિંદુ સરી ન શકે. પ્રત્યક્ષ કમળ જોવાની, એને સ્પર્શવાથી અને સૂંઘવાથી જે સમજાશે - અનુભવાશે તેની સ્મૃતિ બાળકના ચિત્તમાં હંમેશ માટે રહી જશે. બાળકને અઠવાડિયે ખુલ્લા આકાશનું દર્શન કરાવવું જોઇએ.

નિદા ફાઝલીએ એક ખૂબસૂરત શેર આ ક્ષણે ઉદ્ધુત કરવાની લાલચ રોકી શકતો નથી :

**ધૂપ મેં નિકલો, ઘટાઓ મેં નહાકર દેખો,**
**જિંદગી ક્યા હૈ, કિતાબો કો હટાકર દેખો.**

તડકામાં નીકળો, વૃક્ષની અને વાદળની ઘટાઓમાં સ્નાન કરી જુઓ મિત્રો, પુસ્તકોને (કમ્પ્યુટરને) થોડી વાર દૂર કરી સહેજ જુઓ તો ખરાં કે જિંદગી શું છે!

કોઇકે કહ્યું છે : 'Trust nature, nature will narter you.' અર્થાત્ પ્રકૃતિમાં ભરોસો મૂકો, પ્રકૃતિ તમારું પાલનપોષણ કરશે.